ગાંધીનગર ટુડે

# પોલિસી સમીક્ષા વચ્ચે વધુ ૨૫૦ પોઈન્ટ સુધી ઘટાડો

મુંબઈ,તા. ૫

આરબીઆઈએ વ્યાજદરોને યથાવત રાખવામાં આવ્યા બાદ તેની અસર શેરબજારમાં જોવા મળી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ આજે ૩.૭ ટકા ઘટીને બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૨.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બેંચમાર્ક ઈન્ડેક્સ ૦.૫ ટકા ઘટીને બંધ રહ્યો હતો. રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત રાખવામાં આવ્યા બાદ સેંસેક્સ આજે ૨૫૦ પોઈન્ટ ઘટીને ૩૫૮૮૪ની નીચી સપાટીએ રહ્યો હતો. બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સ ૮૭ પોઈન્ટ ઘટીને ૧૦૭૮૩ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. જેથી બંનેની સપાટી ક્રમશઃ ૧૪૯૧૪ અને ૧૪૩૩૮ની સપાટી જોવા મળી હતી. કોર પરફોર્મન્સની મજબૂત સ્થિતિ વચ્ચે ૩૦મી જૂનના દિવસે પુરા થયેલા ૨૦૧૮-૧૯ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો વિકાસદર ૮.૨ ટકા દર્શાવવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના બીજા ત્રિમાસિક ગાળા જુલાઈ-સપ્ટેમ્બરમાં અર્થવ્યવસ્થાની વિકાસની ગતિ ૭.૧ ટકા થઈ ગઈ છે જે પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૮.૨ ટકા રહી હતી. વર્ષ ૨૦૧૮-૧૯ના જુલાઈ-સપ્ટેમ્બરમાં વિકાસ દર ઘટીને ૭.૧ ટકા થઈ ગયો છે જે ૮.૨ની સરખામણીમાં ખુબ ઓછો દર છે. આના મુખ્ય કારણો જે આપવામાં આવ્યા છે તેમાં ડોલરની સામે રૂપિયામાં નોંધાયેલી નબળાઈ અને ગ્રામીણ માંગમાં ઘટાડો છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના બીજા ત્રિમાસિક ગાળામાં ઘટાડો થયો હોવા છતાં જીડીપીનો વૃદ્ધિ દર છેલ્લા નાણાકીય વર્ષની આજ અવધિની સરખામણીમાં વધારે છે. જીડીપીને લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર હાલમાં ચાલી રહ્યો છે. સ્ટેટ બેન્કના રિપોર્ટમાં વિકાસ દર ૭.૫ થી લઈને ૭.૬ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો હતો. ક્રુડ ઓઈલની કિંમતો, કુદરતી ગેસ અને યુરીયાના ઉત્પાદનમાં ઘટાડાથી આઠ મૂળભૂત ક્ષેત્રોના ઉદ્યોગનો દોર ઓકટોબરમાં ૪.૮ ટકા રહ્યો છે. કોર સેકટર કોલસા, ક્રુડ ઓઈલ, કુદરતી ગેસ, રિફાઈનરી, યુરિયા, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીના ક્ષેત્રમાં દર વર્ષ પહેલા ઓકટોબરમાં પાંચ ટકા હતો. શેરબજારમાં ગયા શુક્રવારના દિવસે કારોબારના અંતે રિકવરીનો દોર યથાવત રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે કારોબારના અંતે સેંસેક્સ ૧૦૭ પોઈન્ટ ઘટીને ૩૬૧૩૪ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ ૧૪ પોઈન્ટ ઘટીને ૧૦૮૬૯ની સપાટીએ રહ્યો હતો તેમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો.

# સતત ૧૩ દિવસના કાપ બાદ તેલ કિંમતો યથાવત

## પેટ્રોલ અને ડીઝલમાં ઉલ્લેખનીય ઘટાડા બાદ મોટી રાહત

નવી દિલ્હી,તા. ૫

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત ૧૩ દિવસ સુધી ઘટાડો કરવામાં આવ્યા બાદ આજે બુધવારે તેલ કિંમતો યથાવત રાખવામાં આવી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસથી અવિરત ઘટાડાના કારણે મોટી રાહત મળી છે. છેલ્લા એક મહિનામાં દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૬.૫૪ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૬.૪૩થી વધુનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. સતત ઘટાડાના કારણે એકબાજુ ડીઝલની કિંમત હવે ત્રણ મહિનાની નીચી સપાટી પર પહોંચી છે. આવી જ રીતે પેટ્રોલની કિંમતમાં આઠ મહિનાની નીચી સપાટી જોવા મળી રહી છે. ઓક્ટોબર મહિનામાં સૌથી ઉંચી સપાટી પર પહોંચી ગયા બાદથી તેમાં ૩૧ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. છેલ્લા ૪૨ દિવસના ગાળામાં જ ક્રુડ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. તેલ કિંમતોમાં ઘટાડાના પરિણામ સ્વરુપે વાહન ચાલકોને સતત રાહત મળી રહી છે. ઓપેકની બેઠક ગુરૂવારના દિવસે મળનાર છે ત્યારે જુદા જુદા પાસા પર વિચારણા કરવામાં આવનાર છે. આ બેઠક ઉપયોગી સાબિત થઈ શકે છે.દેશભરમાં નવેમ્બર મહિનામાં હજુ સુધી પેટ્રોલની કિંમતમાં પાંચ રૂપિયાથી વધારે અને ડીઝલની કિંમતમાં ૪.૩૦થી વધુનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. છેલ્લા એક મહિનાના ગાળામાં પેટ્રોલની કિંમતમાં આઠ અને ડીઝલની કિંમતમાં છ રૂપિયાથી વધુનો ઘટાડો થયો છે. ૧૭મી ઓક્ટોબર બાદથી પેટ્રોલમાં આઠ રૂપિયાથી વધુનો ઘટાડો નોંધાયો છે. અમેરિકા અને ચીન વચ્ચે સ્થિતી હવે હળવી થઈ રહી છે. તેલ કિંમતોમાં હજુ વધુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં ચૂંટણીમાં કેન્દ્ર સરકારને મોટી રાહત મળી શકે છે.ઓપેકની બેઠક ગુરૂવારના દિવસે વિયેનામાં મળનાર છે. જેમાં કિંમતોને સ્થિર કરવા માટે ઉત્પાદનમાં કાપ મુકવામાં આવશે કે કેમ તે પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે.પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં મંગળવારના દિવસે સતત ૧૩માં દિવસે ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ તેલ કિંમતો વધુ નીચી સપાટી પર પહોંચી હતી. પેટ્રોલ અને ડીઝલની કિંમત વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે પણ ઘટી હોવાનો મત કેટલાક લોકો વ્યક્ત કરે છે. કર્ણાટક ચૂંટણી વેળા પર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ વખતે પણ પહેલાથી જ આ બાબતની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી. જો કે શક્યતા યોગ્ય સાબિત થઈ હતી.

# જળવાયુ પરિવર્તનના કારણે ૨૦ વર્ષમાં ૭૦ હજાર ભારતીયોના મોત નિપજ્યા

ન્યુ દિલ્હી,તા.૫

જળવાયુ પરિવર્તન સામે આકરા પગલાંનો નિર્દેશ આપતાં એક અહેવાલમાં એવો ચિંતાજનક ઉલ્લેખ છે કે, હવામાનને લગતી વિનાશક ઘટનાઓને લીધે છેલ્લા ૨૦ વર્ષોમાં ૭૦ હજાર ભારતીયોનાં મોત થયા છે. આખા વિશ્વમાં આવી હવામાનની દુર્ઘટનાને પાપે કુલ ૫.૨ લાખ લોકોનાં મોત થયા છે. આવી ઘટનાઓના મૃત્યુઆંકમાં ભારતનો વિશ્વમાં બીજો નંબર છે. પ્રથમ નંબરે મ્યાંમાર છે. ૨૦૧૭ના વર્ષમાં ભારતમાં ૨૭૩૬ લોકોનાં મૃત્યુ થયા હતા. પૂર, વધુ પડતા વરસાદ, વાવાઝોડા, આંધી-તોફાન જેવી ઘટનાઓમાં આ મૃત્યુ થયા છે.

પોલેન્ડમાં ચાલી રહેલી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (કોપ-૨૪)ની બેઠકમાં જળવાયુ પરિવર્તનના પ્રભાવોને લીધે થનારી નુકશાની ભરપાઈ માટે સંમતિ બને તેવી શકયતા છે. ભારત આ મુદાને બેઝીક દેશો અને આ પ્રકારની સમાન વિચારધારાવાળા દેશો સાથે મળીને ઉઠાવશે. નુકસાનીની ભરપાઈની દરખાસ્ત પર ભારત મક્કમ છે. અત્યાર સુધી જળવાયુ પરિવર્તનથી થનારા નુકસાનની ભરપાઈ અંગે દેશો વચ્ચે સંમતિ થઈ નથી અને પોલેન્ડમાં ચાલી રહેલી બેઠકમાં ભારતે તેને મુખ્ય મુદ્દો બનાવ્યો છે.

આ બેઠકમાં પેરિસ સમજૂતિના અમલ માટેની રૂલ બુક તૈયાર થવાની છે. વિકાસશીલ દેશોનો આગ્રહ છે કે, નુકસાનીની ભરપાઈનો મુદ્દો રૂલ બુકમાં સામેલ કરવામાં આવે. પરંતુ વિકસીત દેશો આ વિચારનો વિરોધ કરતા રહ્યા છે કારણ કે, આ મુદો પેરિસ સમજૂતિમાં સામેલ નથી. વિકસીત દેશોને લાલચ છે અને આ મુદ્દો સામેલ થાય તો પોતાના પર આર્થિક બોજો વધી જશે તેવો એમને ભય છે. ભારતીય જૂથનું નેતૃત્વ કરી રહેલા કેન્દ્રીય પર્યાવરણ મંત્રી અને સચિવો આ બાબતને જોરદાર રીતે ઉઠાવવાના છે. છેલ્લા પાંચ વર્ષથી આ મામલાને લટકાવીને રાખવામાં આવ્યો છે અને અમેરિકા સહિતનાં વિકસીત દેશો અવરોધ ઉભો કરી રહ્યા છે.

# અલ્હાબાદ હાઈકોર્ટે કર્મચારીઓની રિટાયરમેન્ટની ઉંમર ૬૦ વર્ષથી ઘટાડી ૫૮ વર્ષ કરી

અલ્હાબાદ,તા.૫

સાતમાં પગાર પંચની ભલામણો લાગુ થવાની રાહ જોવાઇ રહી છે. ત્યારે ઉત્તરપ્રદેશ રાજ્યનાં કર્મચારીઓને મોટો ઝટકો લાગી શકે છે. અલ્હાબાદ હાઇકોર્ટે રાજ્ય કર્મચારીઓની રિટાયરમેન્ટની ઉંમર ૬૦ વર્ષથી ઘટાડીને ૫૮ વર્ષ કરી દીધી છે. હાઇકોર્ટે ૨૦૦૧માં બહાર પડાયેલા આદેશને રદ્દ કરતા જુના નિયમો લાગુ કરી દીધા છે. હાઇકોર્ટનાં આ ચુકાદાથી રાજ્યના કર્મચારીઓનાં રિટાયરમેન્ટની ઉંમરની સીમા ફરીથી ૫૮ વર્ષ થઇ ચુકી છે. હાઇકોર્ટનાં જસ્ટિસ સુધીર અગ્રવાલ અને જસ્ટિસ ઇફ્કત અલી ખાનની પીઠે ભદોહી વિકાસ નિગમનાં સહાયક એન્જિનીયર ઓપી તિવારીની અરજી ફગાવી દીધી હતી.

અલ્હાબાદ હાઇકોર્ટે આદેશ આપતા કહ્યું કે, રાજ્યનાં કર્મચારીની રિટાયરમેન્ટની ઉંમરની સીમા વધારનારી ૨૦૦૧નાં આદેશ રદ્દ કરવામાં આવે છે.હાઇકોર્ટે પોતાનાં આદેશમાં સ્પષ્ટ જણાવ્યું કે, સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ અનુસાર રાજ્યપાલ આદેશ સાથે કોઇ પણ નિયમમાં પરિવર્તન કરી શકે નહી. આ નિર્ણય માત્ર અને માત્ર વિધાનસભા દ્વારા જ બદલી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮ નવેમ્બર ૨૦૦૧નાં રોજ રાજ્યપાલે આદેશ આપીને રાજ્યનાં કર્મચારીઓની રિટાયરમેન્ટ ઉંમર વધારી દીધી હતી. હાઇકોર્ટનાં આદેશ અનુસાર , મૌલિક નિયમ ૫૬ ધારાસભાનો નિયમ છે કે નિયમમાં પરિવર્તન માત્ર વિધાનસભા જ કરી શકે છે. તેના માટે ધારાસભામાં પ્રસ્તાવ લાવવામાં આવે તે જરૂરી છે.

# મ.પ્રદેશ ચૂંટણીઃ પોલિસની કેન્ટિનમાં ટેબલ પર પોસ્ટલ બેલેટ મળતાં વિવાદ

ભોપાલ,તા.૫

મધ્ય પ્રદેશમાં ઈવીએમની સુરક્ષાને લઈને કથિત ગડબડીની ફરિયાદ બાદ હવે પોસ્ટલ બેલેટને લઈને પ્રશ્ન ઉઠવા લાગ્યા છે. કોંગ્રેસ કાર્યકર્તાઓએ મંગળવારે એમપી પોલીસની ભોપાલ સ્થિત કેન્ટિંગમાં કેટલાક પોસ્ટલ બેલેટ પડેલા દેખ્યા. મધ્ય પ્રદેશમાં ચૂંટણી ડ્યુટીમાં તૈનાત પોલીસકર્મીઓ માટે લગભગ ૪,૦૦૦ પોસ્ટલ રજૂ કરવામા આવ્યા છે, જેમને ૧૮ નવેમ્બરે પોતાના વોટ નાંખ્યા. પોલીસ વિશેષ સેન્ય દળ (એસએએફ) અને હોમ ગાર્ડ માટે રજૂ કરેલ આ પોસ્ટલ બેલેટ ૧૧ ડિસેમ્બરે મતગણતરીના દિવસે ચૂંટણી આયોગ પહોંચવાના હતા. જોકે, આ વચ્ચે કોગ્રેસ કાર્યકર્તાઓએ ભોપાલના જહાંગીરાબાદ વિસ્તારમાં પોલીસ મુખ્યાલયના નજીક આવેલ સ્થિત હોમગાર્ડ ઓફિસની કેન્ટીનમાં આ પોસ્ટલ બેલેટ પડેલા દેખ્યા. કોંગ્રેસ નેતા કૃષ્ણ ઘટગેએ મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યું કે, હું મંગળવારે હોમ ગાર્ડની કેન્ટિંનમાં પહોંચ્યો તો મને આની ખબર પડી. મે ત્યાં કેન્ટીનની અંદર પોસ્ટલ બેલેટના ૨૫૦ કવર અને બહાર ત્રણ આવા જ કવર દેખ્યા, જેને લઈને કોઈ જ પૂછનાર નહતું.

ઘટગેનો આરોપ છે કે, આ પોસ્ટલ બેલેટ પાછલા ત્રણ દિવસથી કેન્ટીનમાં પડ્યા છે. તેમને કહ્યું કે, પાર્ટી આ ગંભીર ગડબડીની રાજ્ય મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરશે. જ્યારે દક્ષિણ પશ્ચિમ ભોપાલ સીટથી કોંગ્રેસ ઉમેદવાર સહિત પાર્ટીના કેટલાક નેતાને સમાચાર મળતા જ હોમગાર્ડની કેન્ટીન પર્હોંચી ગયા. શર્માએ અધિકારીઓ પર મધ્ય પ્રદેશમાં ચૂંટણી પ્રક્રિયાને એક મજાક બનાવી દેવાનો આરોપ લગાવતા કહ્યું કે, ‘અમને હોમગાર્ડની કેન્ટીનના ટેબલ પર કેટલાક પોસ્ટલ બેલેટ પેપર આમ જ રદ્દીની જેમ પડેલા જોવા મળ્યા જેમાંથી કેટલાક કવર તો ખુલ્લા પણ હતા.

કોંગ્રેસ દ્વારા આ મામલામાં હંગામો કર્યા બાદ ભોપાલના કલેક્ટર અને ડિસ્ટ્રિક્ટ રિટર્નિંગ ઓફિસર સુદામા ખાડેએ આ મામલામાં તપાસના આદેશ આપ્યા છે.



# કરીના માટે હવે પરિવાર જ સૌથી મહત્વપૂર્ણ છે : રિપોર્ટ

## ખુબ પસંદગીની ફિલ્મો કરવા માટે કરીના કપુર ઈચ્છુક

મુંબઈ,તા. ૫

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કરીના કપુર હવે ફિલ્મોને લઇને વધારે સક્રિય રહેવા માટે ઈચ્છુક નથી. લીડ રોલવાળી ફિલ્મોને લઇને પણ તે વધારે આશાવાદી નથી. પરિવારમાં વધારે સમય ગાળી રહી છે. સેફ અલી સાથે તેની કેમિસ્ટ્રી લગ્ન બાદ શાનદાર રહી છે. તમામ કાર્યક્રમમાં બન્ને સાથે નજરે પડે છે. હાલમાં ખુબ ઓછી ફિલ્મમાં કામ કરી રહી છે. તેનુ કહેવુ છે કે તે હવે પરિણિત છે. જેથી તેના માટે પરિવાર હવે સૌથી મહત્વપૂર્ણ છે. વિતેલા વર્ષોમાં જુદા જુદા રોલ મારફતે તમામને પ્રભાવિત કરનાર કરીના કપુર હેવ ઓછી સક્રિય દેખાઈ રહી છે. ચમેલીના રોલમાં પણ તે ચર્ચા જગાવી ચુકી છે. બીજી બાજુ ઝીરો ફિગર મેળવીને ચર્ચા જગાવનાર કરીના કપુર હવે નંબર ગેમમાં માનતી નથી. જુદા જુદા ચેટ શો, અને ફિલ્મો મારફતે લોકપ્રિય થનાર કરીના કપુર હવે ખુબ ઓછી ફિલ્મમાં કામ કરે છે. પોતાની સગર્ભા અવસ્થા સુધી કરીના કપુર ફિલ્મોમાં સક્રિય રહી હતી. હવે કરીના કપુર એક બાળકની માતા છે. તેનુ કહેવુ છે કે તે ફિલ્મોમાં કામ કરી રહી છે પરંતુ તેના માટે સૌથી મહત્વપૂર્ણ બાબત પરિવાર છે. કરીના કપુરે થોડાક સમય સુધી પ્રેમમાં રહ્યા બાદ બોલિવુડ સ્ટાર સેફ અલી ખાન સાથે લગ્ન કરી લીધા હતા. સેફ અલી ખાન પોતે પણ ખુબ ઓછો સક્રિય રહ્યો છે. આવી સ્થિતીમાં બન્ને ઉજવણી કરવા માટે અન્યત્ર જાય તેવી વકી છે.

# પેરિસ હિલ્ટન પાસે હજુ પણ ઘણા પ્રોજેક્ટ આવી રહ્યા છે

લોસએન્જલસ,તા. ૫

રિયાલીટી ટીવી સ્ટાર અને સોસલાઈફ પેરિસ હિલ્ટને હજુ પણ એક પછી એક પ્રોજેક્ટોમાં અભૂતપૂર્વ લોકપ્રિયતા હાંસલ કરી છે. તે સિમ્પલ લાઈફ ઉપર હાલ કામ કરી રહી છે. જો કે, તેનું કહેવું છે કે, તે પોતાની લાઈફ સિમ્પલરીતે જીવવા માંગતી નથી. આ સિરિઝ ઉપર પેરિસ હિલ્ટન હવે નજરે પડી રહી છે. તે તેની બાળપણની બેસ્ટ ફ્રેન્ડ રહી ચુકેલી નિકોલ રિચી સાથે આમા નજરે પડી રહી છે. આ સિરિઝમાં તેમની પ્રાઈવેટ લાઈફ સ્ટાઈલને દર્શાવવામાં આવી રહી છે. તેનું કહેવું છે કે, આ શોના કારણે તેની લાઈફ સંપૂર્ણપણે બદલાઈ રહી છે પરંતુ તેની કેરિયર હજુ પણ એક બિઝનેસ મહિલા તરીકે આગળ વધી રહી છે. બિઝનેસ મહિલા તરીકે જુદા જુદા ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, પેરિસ હિલ્ટન અન્ય તમામ રિયાલીટી સ્ટાર કરતા વધારે સફળતા જુદા જુદા ક્ષેત્રોમાં હાંસલ કરી રહી છે. ખુબ ઓછી ફિલ્મોમાં કામ કર્યુ હોવા છતાં પેરિસ હિલ્ટનની લોકપ્રિયતા તમામ અભિનેત્રીઓ કરતા પણ વધારે થઈ છે. સિમ્પલ લાઈફની ચર્ચા ચારેબાજુ જોવા મળી રહી છે. તેનું કહેવુ છે કે, તેની પાસે હજુ પણ અનેક મોટા શો માટે ઓફરો આવી રહી છે પરંતુ તે રોલ કરી રહી નથી. વિશ્વની યુવા પેઢી માટે રોલમોડલ તરીકે પેરિસ હિલ્ટન રહી છે. વર્ષો પહેલા તેના સેક્સ ટેપે પણ વિશ્વભરમાં ચર્ચા જગાવી હતી. હિલ્ટન હોટલ ગ્રુપના માલિકની પુત્રી પહેલાથી જ અભૂતપૂર્વ સંપત્તિ ધરાવે છે પરંતુ જુદા જુદા પુરુષો સાથે તેના સંબંધો તેની હાઈફાઈ લાઈફસ્ટાઈલ અને તેના સેક્સટેપના કારણે તેની ચર્ચા હંમેશા થતી રહી છે અને સૌથી હોટ સ્ટાર તરીકે તેને દુનિયાભરના જાણકાર લોકો ગણે છે.



## એડિલેડમાં આજથી પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થશે

# ભારત- ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ટેસ્ટનો તખ્તો તૈયાર

એડિલેડ,તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની આવતી-કાલથી શરૂઆત થઈ રહી છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ આવતી-કાલથી એડિલેડ ખાત શરૂ થઈ રહી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમની જોરદાર કસોટી થનાર છે. ટીમમાં અનેક સ્ટાર ખેલાડી હોવા છતાં ઓસ્ટ્રેલિયાની વિકેટ પર તેમની કસોટી થશે. ઓસ્ટ્રેલિયા ઘરઆંગણે હોટફેવરીટ ખેલાડી તરીકે છે. ઈતિહાસ પર નજર કરવામાં આવે તો તે ફેવરીટ છે. જો કે ભારત માટે સારી બાબત એ છે કે ઓસ્ટ્રેલિયાના બે ધરખમ ખેલાડી સ્ટીવ સ્મીથ અને ડેવિડ વોર્નર પ્રતિબંધના કારણે હાલમાં ટીમની બહાર છે. આવી સ્થિતીમાં ભારતીય ટીમને જીત મેળવીને ઈતિહાસ સર્જવાની તક છે. ઓસ્ટ્રેલિયા માટે સારી બાબત એ છે કે પેટ કમિન્સ હાલના



વર્ષોમાં જોરદાર બોલર તરીકે ઉભરી ચુક્યો છે. પીટર હેન્ડસ્કોમના કારણે મશેલ માર્શને પડતો મુકવામાં આવ્યો છે. જ્યારે માર્કસ હેરિસે ઓપનિંગ બેટ્સમેન તરીકે એન્ટ્રી કરી છે. ફિન્ચ અને ખ્વાજાથી ભારતને સાવધાન રહેવાની જરૂર પડશે.ભારતીય ટીમ એડિલેડની વિકેટ પર પાંચ ઝડપી બોલરની રણનિતી સાથે મેદાનમાં ઉતરનાર છે. જેમાં શામી, ઈશાંત શર્મા અને જશપ્રીત બુમરાહ ટીમમાં ઝડપી બોલિંગની જવાબદારી સંભાળનાર છે. બંને ટીમોની પસંદગી કરવામાં આવી ચુકી છે. એડિલેડમાં અગાઉની ત્રણ ટેસ્ટ મેચોના આંકડાની વાત કરવામાં આવે તો સ્થિતી સ્પષ્ટ થઈ જાય છે. વર્ષ ૨૦૧૪ બાદ બંને ટીમો પ્રથમ વખત ટેસ્ટમાં સામ સામે છે. કોહલી આ મેદાનમાં ધરખમ રેકોર્ડ ધરાવે છે. તે ત્રણ સદી સાથે એડિલેડ ઓવલમાં ૯૬.૫૦ રનની સરેરાશ ધરાવે છે. ઓસ્ટ્રેલિયામાં રમાયેલી ૪૪ ટેસ્ટ મેચો પૈકી ભારતે માત્ર પાંચ ટેસ્ટ મેચ જીતી છે. વર્ષ ૨૦૦૩-૦૪માં રાહુલ દ્રવિડના કારણે ટીમ ઈન્ડિયાને જીત મળી હતી. મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બંને ટીમો નીચે મુજબ છે. ઓસ્ટ્રેલિયા : એરોન ફિન્ચ, માર્કસ હેરિસ, ઉસ્માન ખ્વાજા, શૌન માર્શ, ટ્રેવિસ હેડ, મિશેલ માર્શ, ટીમ પેની (કેપ્ટન), મિશેલ સ્ટાર્ક, પેટ કમિન્સ, નાથન લિયોન, જોશ હેઝલવુડ

ભારત : રાહુલ, વિજય , ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી, રહાણે, રોહિત શર્મા, હનુમા વિહારી, રિશભ પંત, અશ્વીન, મોહમ્મદ શામી, ઈશાંત શર્મા, બુમરાહ

# ૨૦૦૦ બાદથી ભારતે૧૭ ટેસ્ટ પૈકી બે ટેસ્ટો જીતી છે

એડિલેડ,તા. ૫

એડિલેડ ઓવલ ખાતે આવતીકાલથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચોની શ્રેણી શરૂ થઈ રહી છે ત્યારે છેલ્લા ૭૦ વર્ષમાં પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી ભારતીય ટીમ જીતી શકે છે. વિરાટ કોહલીના નેતૃત્વમનાં ભારતીય ટીમ પાસેથી કરોડો ચાહક આ અપેક્ષા રાખી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની ટીમને તેની જમીન પર હરાવવા માટેની બાબત તો સારી સારી ટીમો પણ સરળ રહી નથી. આંકડાની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૦૦ બાદથી ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરનાર ટીમોની હાલત કફોડી રહી છે. ભારતની વાત કરવામાં આવે તો ભારતે વર્ષ ૨૦૦૦ બાદથી ૧૭ ટેસ્ટ મેચ રમી છે. જે પૈકી ભારતને માત્ર બે ટેસ્ટ મેચ જીતવામાં સફળતા મળી છે. જ્યારે તેની ૧૦ ટેસ્ટમાં હાર થઈ છે. પાંચ ટેસ્ટ ડ્રો રહી છે. જાણકાર લોકો માની રહ્યા છે કે કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ વધારે મજબુત દેખાઈ રહી છે અને તે ઓસ્ટ્રેલિયાને હરાવવામાં સફળ સાબિત થશે. આ બાબત માત્ર હવામાં કરવામાં આવી રહી નથી. કેટલાક નક્કર કારણ પણ રજૂ કરવામાં આવી રહ્યા છે. કોહલીના નેતૃત્વમાં ભારતે હાલમાં અનેક સફળતા હાંસલ કરી છે. તેના શાનદાર દેખાવની અસર પણ ટીમ પર થઈ રહી છે. વર્ષ ૨૦૧૪-૧૫થી હજુ સુધી ભારતે ૪૬ પૈકી ૨૬ ટેસ્ટ મેચો જીતી છે. આ ગાળા દરમિયાન ભારતીય ટીમ ટેસ્ટમાં પહેલા નંબર પર પહોંચી ગઈ છે. સ્થાનિક મેદાનમાં શાનદાર દેખાવની સાથે સાથે ભારતે કેટલાક નવા રેકોર્ડ સર્જી દીધી છે. છેલ્લા ૧૫ ટેસ્ટ મેચો પૈકી ભારતે ૧૧ ટેસ્ટ મેચમાં જીત હાંસલ કરી છે. વિદેશી મેદાન પર જીત ભારતીય ટીમ માટે ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝને સ્થાનિક મેદાન અને વિદેશી પ્રવાસમનાં હાર આપ્યા બાદ કેટલીક નિરાશા હાથ લાગી હતી. જો કે ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડના પ્રવાસમાં નિષ્ફળ રહી હતી. ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી જીતવાની બાબત ભારત માટે મોટી વાત તરીકે રહેશે. કારણ કે વિદેશી ટીમોને ઓસ્ટ્રેલિયામાં હમેંશા મુશ્કેલી નડે છે. ઈંગ્લેન્ડે વર્ષ ૧૯૯૦ બાદથી હજુ સુધી માત્ર એક વખત ૨૦૧૦-૧૧માં આ શ્રેણી જીતી હતી. ૭૦ અને ૮૦ના દશકમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પર રાજ કરનાર વેસ્ટ ઈન્ડિઝની ટીમે ઓસ્ટ્રેલિયામાં ૧૫ પૈકી માત્ર ચાર ટેસ્ટ શ્રેણી જીતી છે. એક ડ્રો રમી છે. હાલમાં જ આફ્રિકાની ટીમે ઓસ્ટ્રેલિયાની ટીમ સામે પડકાર ફેંક્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કર્યા બાદથી આફ્રિકાએ સાત ટેસ્ટ શ્રેણીમાં ત્રણ જીતી છે. એક ડ્રો રહી છે. ભારત અને પાકિસ્તાનની ટીમ તો છેલ્લા ૧૧ પ્રવાસમાં ઓસ્ટ્રેલિયામાં શ્રેણી જીતવામાં સફળ સાબિત થઈ શકી નથી. એકબાજુ પાકિસ્તાને ત્રણ સિરિઝ ડ્રો કરાવી છે. ચાર ટેસ્ટ મેચો જીતી છે. ભારતે બે વખત શ્રેણી ડ્રો કરાવી છે. ઓસ્ટ્રેલિયામાં રમાયેલી ૪૪ ટેસ્ટ મેચો પૈકી પાંચમાં જીત મેળવી છે.